**હો મારો ધન્ય બન્યો આજે અવતાર...**

હો મારો ધન્ય બન્યો આજે અવતાર કે મળ્યા મને પરમાત્મા

હે કરું મોંઘો ને મીઠો સત્કાર કે મળ્યા મને પરમાત્મા

હો મારો ધન્ય બન્યો આજે અવતાર કે મળ્યા મને પરમાત્મા

શ્રધ્ધાના લીલુડા તોરણ બંધાવું, ભક્તિના રંગોથી આંગણું સજાવું

હો હો હોહો હો... સજે હૈયું... સજે હૈયું સોનેરી શણગાર

કે મળ્યા મને પરમાત્મા,

મારો ધન્ય બન્યો આજે અવતાર કે મળ્યા મને પરમાત્મા

પ્રીતિના મઘમઘતા ફુલડે વધાવું, સંસ્કારે ઝળહળતા દીવડા પ્રગટાવું

હો હો હોહો હો...કરે મનનો...કરે મનનો મોરલીયો ટહુંકાર

કે મળ્યા મને પરમાત્મા,

મારો ધન્ય બન્યો આજે અવતાર કે મળ્યા મને પરમાત્મા

ઉરના આસનીયે હું પ્રભુને પધરાવું, જીવન આખું એના ચરણે બિછાવું

હો હો હોહો હો...હવે થાશે...હવે થાશે આતમનો ઉધ્ધાર

કે મળ્યા મને પરમાત્મા,

મારો ધન્ય બન્યો આજે અવતાર કે મળ્યા મને પરમાત્મા